Club Id : 52203
Charter Dt : 02/06/1999

# ROTARY CLUB OF SURAT EAST

**RI YEAR : 2020-2021** અંક : ૦૫ તા.: ૦૧/૧૨/૨૦૨૦

| HOLGER KNAACK | Rtn.PRASHANT JANI | Rtn.JAGDISH VAGHASIA | Rtn.KETAN PATEL | Rtn.AMULAKH SAVANI |
|---|---|---|---|---|
| RI. President | District Governor | Club President | Club Secretary | Editor |

e-bulletin
## અપેક્ષા



**Rtn. Dr.Jagdish Vaghasia**
Club President

નમસ્કાર રોટેરીયન મિત્રો,

નવા વર્ષના જયશ્રી કૃષ્ણ અને નવા વર્ષની ખુબ ખુબ શુભકામના. નવું વર્ષ આપના તથા આપના પરિવાર માટે લાભદાયી, ફળદાયી અને યશસ્વી નિવડે તેવી રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ વતી આપ સૌને શુભેચ્છા.

મિત્રો, મને શું.. આપ સૌને કદાચ એવું લાગતું હશે કે હવે કોરોનાનું સંક્રમણ ઘટતું જાય છે અને દિવાળી પછી કદાચ બધું રાબેતા મુજબ શરૂ થઈ જશે..ખરૂને! પરંતુ વાસ્તવિકતા કંઈ જુદી થઈ હાલમાં સરકારી આંકડાઓ અને હોસ્પિટલોમાં વધતી કોરોના દર્દીની સંખ્યા જોતા લાગે છે કે આ કોરોનાને બીજો પીક છે. અને તબીબોના મત મુજબ જો આ કંટ્રોલમાં નહી આવે તો ઘાતક પરીણામો આવી શકે છે અને તેવી આગાહી પણ છે, માટે પહેલા પીકમાં જેવી સાવચેતી રાખી તેના કરતા વિશેષ સાવચેતી રાખવા જેવી છે. આને હળવાશથી લેવા જેવું બિલકુલ નથી.

ઘરમાં વારંવાર હાથ ધોવાનું રાખીએ અને જાહેરમાં માસ્ક તો ફરજીયાત પહેરવાનું રાખીએ. જાહેર મેળાવડામાં જવાનું ટાળીએ. ખાસ કરીને લગ્નની સિઝન શરૂ છે. આપણી લાગણીઓને વશમાં રાખવી પડશે. સબંધો સાચવવાની લ્હાયમાં સંક્રમણ ના વધે, ઘરની વ્યકિત તેનો ભોગ ના બને તેની કાળજી રાખીએ.

મિત્રો, રૂબરૂ મિટિંગ બોલાવવાની તૈયારી કરી જ રહયા હતા અને એક ફેમિલિ મિટીંગનું આયોજન તા.૨૯/૧૧/૨૦૨૦ ના રોજ કરવાનું જ હતું, જે આ બધી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ હાલ પુરતું મુલતવી રાખેલ છે.

ફરી જલ્દીથી મળી શકીએ તેવો માહોલ થાય તેવી પ્રભુને પ્રાર્થના કરીએ. જલ્દીથી આપણું સુરત આ મહામારીમાંથી મુકત થઈ ધમધમતું થાય એવી આશા રાખીએ અને આપણે સૌ આમાં સાથ સહકાર આપીએ.

UNITY BRANDING - 97276 75000



**Rtn. Ketan Patel**
Club Secretary

**૦૪/૧૧૨૦૨૦, બુધવાર**

રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા બ્રેસ્ટ કેન્સર અવેરનેસ સેમીનારનું આયોજન કરવામાં આવેલ. આ સેમીનાર રોટરેકટ કલબ ઓફ સુરત ઈસ્ટ, રોટરેકટ કલબ ઓફ કર્ણભુમિ અને ઈનર વ્હીલ કલબ ઓફ સુરત ઈસ્ટના સંયુકત ઉપક્રમે યોજાયેલ. આ સેમીનારમાં દક્ષિણ ગુજરાતના નામાંકિત કેન્સર સર્જન રો.ડો.નિકુંજ વિઠલાણી સાહેબે એકદમ સરળ શૈલીમાં બ્રેસ્ટ કેન્સર વિશે માહિતી આપેલ. જેમાં કેન્સર થવાના કારણો, કેન્સરને કેવી રીતે અટકાવી શકાય અને એમની સારવાર વિશે સવિસ્તૃત માહિતી આપેલ. આ સેમીનારમાં રોટેરીયન ઉપરાંત મોટી સંખ્યામાં રોટરેકટર મિત્રો, ઈનર વ્હીલ બહેનો જોડાયેલ અને અંતમાં પ્રશ્નોતરી પણ રાખેલ જેના સંતોષકારક જવાબો ડો.નિકુંજ વિઠલાણી એ આપેલ.

**૨૪/૧૧/૨૦૨૦, મંગળવાર**

બોર્ડ મિટીંગ

## આગામી કાર્યક્રમો (ડિસેમ્બર)

| | |
|---|---|
| તા.૦૨/૧૨/૨૦૨૦ | ઝુમ સ્પીકર મિટીંગ – ડો.ચંદ્રેશ પટેલ |
| તા.૧૬/૧૨/૨૦૨૦ | ઝુમ મિટીંગ |
| | સ્વેટર ડિસ્ટ્રીબ્યુશન (ડિસ્ટ્રીકટમાંથી આવે તુરંત જ) |

## જન્મદિન શુભેચ્છા ડિસેમ્બર–૨૦૨૦

| | |
|---|---|
| 01/12/2020 | રો.ચિંતન પટેલ |
| 04/12/2020 | રો.અરવિંદ ધડુક |
| 06/12/2020 | ડો.કરશન ગાબાણી |
| 13/12/2020 | પરેશ વઘાસિયા |
| 14/12/2020 | સંજય ચોવટીયા |
| 23/12/2020 | રીનેશ ભીમાણી |
| 25/12/2020 | વિજય માંગુકિયા |
| 30/12/2020 | ડો.આકાશ વાઘાણી |




''દુઆ છે અમારી ફુલોની જેમ
મહેકે જીંદગી તમારી...
જન્મદિવસની હાર્દિક શુભકામના..



UNITY BRANDING - 97276 75000



**Rtn. Amulakh Savani**
Bulletin Editor

# Rotary Timeline

| | |
|---|---|
| 1905 | First Club Organized in Chicago, Illinois, USA. |
| 1910 | First Rotary Convention held in Chicago. |
| 1908 | Second Club formed in San Francisco, California, USA. |
| 1912 | The Rotary Club of Winnipeg, Manitoba, Canada, becomes the first club oitside the United States to be Officially Chartered. (The Club was formed in 1910.) |
| 1917 | Endowment Fund, Forerunner of The Rotary Foundation, establish Test formulated by Chicago Rotarian Herbert J. Taylor. |
| 1932 | Four Way Test formulated by Chicago Rotarian Herbert J. Taylor. |
| 1945 | Forty Nine Rotarians helps draft United Nationa Charter in San Francisco. |
| 1947 | Rotary Founder Paul Harris died, first 18 Rotary Foundation Scholarships granted. |
| 1962 | First Interact Club formed in Melbourne, Florida, USA. |
| 1965 | Rotary Foundation launched Matching Grants and Group Study Exchanges Programs. |
| 1968 | Rotaract began as a Rotary International Youth Programme at Charlotte North Rotary Club in Charlotte, USA. |
| 1978 | RI's largest convention, with 39,834 registrants, held in Tokyo. |
| 1985 | Rotary announced PolioPlus Program to immunize all the children of the world against polio. |
| 1989 | Council on Legislation opens Rotary membership to women worldwide; Rotary clubs chartered in Budapest, Hungory and Warsaw, Poland, for first time in almost 50 years. |
| 1990 | Rotary Club of Moscow chartered first club in Soviet Union. |
| 1990 | Preserve Planet Earth program inspired some 2,000 Rotary-sponsored environmental to 91 projects. |
| 1994 | Western Hemisphere declared polio-free. |
| 1999 | Rotary Center for International Studies in peace and conflict Resolution established. |
| 2000 | Western Pacific declared polio-free. 2001 30,000th Rotary Club Chartered. |
| 2002 | Europe declared polio-free; first class of 70 Rotary Peace Scholar begin study. |
| 2003 | Rotarians raise more than US$118 million to support the final stage of polio jeradication. |
| 2004 | Rotary International hosts its largest Convention in Osaka, Japan. A record 45,881 Rotarians from 113 Countries attended. |
| 2005 | Rotary Celebrates its 100th Anniversary. |
| 2006 | Only 4 countries remain polio endemic; Afghanistan, Nigeria and Pakistan. New Zealander Rotarian bill boys inducted as RI World President. |
| 2007 | Rotary Foundation celebrates millionth Paul Harris Award. |
| 2008 | Rotary launches the Gates Foundation "End Polio" challenge. |
| 2009 | Rotary celebrates the 100th Rotary International Convention in Birmingham, England. The Worls'd largest artificial reef was built by a Rotary Club in the Phillipines - in the shape of a Rotary wheel. |



UNITY BRANDING - 97276 75000

# End Polio Now

2011 India entered the Polio Free World Club with no cases of Polio.

2012 Rotarian contributions for Polio Plus now total over $800 million dollars. Rotary met the $200 million dollar challenge by the bill and Melinda Gates Foundation in 2012 and received a matching $355 million dollar grant plus a 50 million bonus. More than 2 billion children have been immunized and the disease has nearly been eradicated from the world. Only a few reported cases exist in remote areas of Nigeria, Pakistan and Afghanistan.

2014 India is officially certified as Polio Free.

2015 The last reported case of circulating vaccine-derived polio virus (cVDPV) was 13 Dec. 2014. The WHO decision in 2013 to switch to inactivated virus injections, to avoid the risk of the vaccine-derived outbreaks that occasionally occur from use of the live-virus oral vaccine, is taking effect.

2016 100th Year of Rotary Foundation.

2019 Rotary Celebrates its 100th Anniversary in Rotary India.

Rotary District 3060



UNITY BRANDING - 97276 75000



**Rtn. Amulakh Savani**
Bulletin Editor

આનંદમાં રહેવાનું, વધેલી વાતના ખુલાસા લઇ પ્રસંગોપાત મળવાનું,
વળી પાછા મીણબત્તીની જેમ એકાંતમા બળવાનું.
દોરીએ ઉંધા લટકતા વસ્ત્રો જેવી છે અભિલાષા,
સુકાવાનું, ભીંજાવાનું તો પણ આનંદ માં રહેવાનું.

( ડો. અમુલખ સવાણી)

## :: વિક્રમ સંવંતના નવલા વર્ષની સૌને હ્રદયના ભાવથી શુભકામનાઓ ::

. આપણે જ્યારે કોઇને મળતા હોઇએ છીએ ત્યારે જુની વાતો અને યાદોને તાજી કરતા હોઇએ છીએ અને પ્રસંગમાં મોડા પડ્યા હોઇએ તો અનાયાસે બહાનાની શોધમાં હોઇએ છીએ અને જાણતા હોવા છતા ખુલાસા કરવા માંડીએ છીએ અને મનને શાંતી મળી હોય એવુ માની લઇએ છીએ. પણ ખોટા બહાના બાજી કર્યા પછી જ્યારે એકલા હોઇએ ત્યારે મીણબત્તી કે દિવડાની માફક ભીતરથી બળતા હોઇએ છીએ કે મેં આ બહાનું ન કાઢ્યુ હોતે તો સારુ હતું. પણ જ્યાં હ્રદયના સંબંધો હોય છે ત્યાં ખુલાસા કરવાના ન હોય અને જ્યાં કોઇ નાતો જ નથી ત્યાં ખુલાસા કરવાની જરૂર નથી પડતી.

મિત્ર પ્રસંગમાં મોડો પડ્યો છે તો ચોક્કસ એને મજબુત કારણ હશે અને સંજોગો વસાત એ નહીં આવ્યો હોય, એવો પુર્ણ વિશ્વાસ હોય તો સાચા હ્રદયના નાતા માનવા. સંબંધ જાળવવા નિખાલસતા અને પારદર્શકતા બહુજ જરૂરી છે.

દોરીએ વસ્ત્રો તડકામાં ઉંધા લટકતા હોય છે એને કેટલા અનુકુળ કે પ્રતિકુળ સમય માંથી પસાર થવું પડે છે? જીવનની અભિલાષાઓ પણ કંઇક આવી જ છે, છાંયડાની અપેક્ષા હોય અને બળબળતો ઉનાળાનો તડકો નસીબમાં મળે, અને સુર્યપ્રકાશમાં વસ્ત્રો સુકાઇ જશે એવી ઇચ્છા હોય ત્યારે વરસાદ વરસી પડે.

કપડાને તો ભીંજાવાનુ પણ આવે અને સુકાવાનુ પણ આવે, છતાં કોઇ પણ સંજોગોમાં પોતાની મસ્તીમાં રહી, મળેલ પળ ને આનંદની ભવ્યતાથી ખુમારી થી જીવી લેવી એમાંજ શાણપણ છે અને આ જ જીવનનો સિધ્ધાંત હોવો જોઇએ.


તો નુતન વર્ષે નવિનતમ , વિધેયાત્મક વિચારોથી જીવન હર્યુ ભર્યુ બનાવીએ અને હર કોઇ સાથે સમત્વનો સંબંધ સાચવી રાખીએ તો નવલુ વર્ષ સાર્થક ગણાશે, બાકી તો તીથી વાર અને વરસ બદલાયા કરશે અને આપણે હતા ત્યાં ને ત્યાં જ.

**(રત્ન કણિકા)**


“યોગી” થવા કરતા કોઇને “ઉપયોગી” થઇશુ તે વાસ્તવમાં કોઇ “રોગી” નહીં રહે.

**PHOTO GALLERY**





**MEDIA GALLERY**



રોટરી ક્લબ સુરત ઈસ્ટ બ્રેસ્ટ કેન્સર અવેરનેસ સેમીનારનું આયોજન

કામરેજ પોલીસની માનવીય કામગીરી

CHANGE OF NAME



UNITY BRANDING - 97276 75000